# નગરજનો વાયરલ ફિવરનો શિકાર

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં છેલ્લા ઘણા સમયથી હળવા ભારે વરસાદી જાપટા વચ્ચે વાદળીયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. વરસાદી ગેરહાજરી વચ્ચે ઉકળાટ પણ અનુભવાય છે. મોસમની આ વિચિત્ર મિજાજની અસરથી જનારોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. જેના પરિણામે હાલ શહેરમાં વાઈરલ ફીવરના દર્દીઓની સંખ્યા વધી રહી છે. તાવ-શરદી, ખાંસી અને ગળામાં દુઃખાવાની ફરિયાદો સાથે ખાનગી દવાખાનાઓમાં પણ વાઈરલ ફીવરના દર્દીઓની સંખ્યા વધી રહી છે.

શહેરમાં વરસાદની ગતિ હાલમાં ધીમી છે ત્યારે ઘણીવાર વધુ વરસાદ અને ઘણીવાર સાવ ઓછો વરસાદ પડતાં પાણીના નીકાલની વ્યવસ્થા ખોરવાઈ જાય છે. જેના લીધે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ રહ્યા છે. તે પરિણામે મચ્છર અને જીવજંતુનું પ્રમાણ વધ્યુ છે જે રોગચાળો ફેલાવે છે. આ ઉપરાંત વાતાવરણ એકદમ શુષ્ક રહેતુ હોવાથી શહેરીજનો ત્રસ્ત છે. વાતાવરણ બદલાતુ રહેતુ હોવાથી બાળકોથી લઈ મોટાઓ દરેકને હાલ વાઈરલ ફીવર સાથે શરદી, ખાંસી સતાવી રહ્યા છે. શહેરના દવાખાનામાં પણ વાઈરલ દર્દીઓની સંખ્યા વધી છે. વરસાદી વાતાવરણ વચ્ચે નગરજનો ચુસ્તી અને બેચેની અનુભવી રહ્યા છે. ત્યારે સતત વાદળિયા વાતાવરણને લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. શહેરમાં ઘરે ઘરે વાયરલ ફીવરના દર્દીઓ છે. મોસમના વિચિત્ર મિજાજના લીધે નગરજનો તાવ-શરદીમાં સપડાઈ રહ્યાં છે.

# ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી

**ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના વિકાસ માટે ૪૦ લાખ રૂપિયાનો ચેક કલેકટર – જિલ્લા વિકાસ અધિકારીને અર્પણ કર્યા : કલોલ ખાતે રૂ. ૧૭૧.33 લાખના ખર્ચે નિર્માણ પામેલ નવીન બસ સ્ટેશનનું મહેસુલ મંત્રીના હસ્તે લોકાર્પણ**

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કલોલ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. મહામૂલી આઝાદીના લૈડવયા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર અને શહીદ થનાર નામી અને અનામી શહીદવીરોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે કલોલ તાલુકાના વિકાસ કામો માટે રૂ ૨૫ લાખ અને ગાંધીનગર, માણસા તથા દહેગામ તાલુકાના વિકાસ કામો માટે કુલ- ૪૦ લાખ રૂપિયાનો ચેક જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલને અર્પણ કર્યો હતો.

આ પ્રસંગે મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજના આ સ્વાતંત્ર્ય દિનના ગૌરવપૂર્ણ દિવસે ગુજરાત સહિત આખા દેશને અદભુત આનંદની અનુભૂતિ એટલા માટે થઈ રહી છે કે ગુજરાતના ચાર સપૂતોએ દેશ અને દુનિયામાં ડંકો વગાડ્યો છે. સ્વાતંત્ર્ય સંગ્રામ વેળા મહાત્મા ગાંધીએ દેશને આઝાદી અપાવી.




સરદાર સાહેબે ૫૬૨ જેટલાં દેશી રજવાડાઓને એકત્રિત કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યુ. અને આજે ગુજરાતના બીજા બે સપૂતો લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સાત-સાત દાયકાથી સળગતા કાશ્મીર પ્રશ્નને ૩૭૦મી કલમ રદ કરીને એક ઝાટકે હલ કર્યો. આપણા સૌનુ સૌભાગ્ય છે કે, આપણે સૌ આ વિરલ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બની શક્યા છીએ. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નિર્ણાયક નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાતે' સંવેદનશીલતા, પારદર્શકતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર આધારસ્તંભો ઉપર ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસનો નવતર પથ કંડાર્યો છે. ત્રણ વર્ષમાં શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે ૬૦૦ જેટલાં જનહિતલક્ષી નિર્ણયો કર્યા છે. દરેક નિર્ણયના કેન્દ્રમાં લોકો છે અને નિર્ણયોનું અમલીકરણ કરવા માટે 'ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક'ની જનજનને અનુભૂતિ થઈ રહી છે.

# શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

● **ગુપ્તા ઈન્ડસ્ટ્રીઝ અને જાગૃત વસાહત ફોરમ**

શૌર્યગીતોની રમઝટ અને બાળકો સાથે પરેડ કરી નિવૃત્ત એરફોર્સના ફલાઈંગ ઓફિસર ઉમેશ ગુપ્તાજી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માતૃવંદના મહિલા મંડળના ઉષાબેન એમ. ચૌહાણ દ્વારા મહાનુભાવોને રક્ષા બાંધવામાં આવી હતી.

સ્વાતંત્ર્ય દિવસ અને રક્ષાબંધનને ધ્યાનમાં લઈ ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. કાંતિભાઈ સી. ચૌહાણનો અક્ષરવાસ થયેલ હોવાથી તેમની સ્મૃતિમાં પરિવારે બાળકોને ચોપડા, ફરારી ચેવડો અને ચોકલેટ વિતરણ કર્યુ હતુ.

● **ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**

મધુરડેરી ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા દ્વારા સતત ૧૮મી વખત તિરંગો ફરકાવાયો હતો. આ પ્રસંગે ડૉ. શંકરસિંહ રાણાએ ઉત્પાદકોને શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત રક્ષાબંધન પર્વ નિમિત્તે ડેરીના તમામ બહેન કર્મચારીઓ અધિકારીઓએ ભાઈઓને રાખડી બાંધી પર્વની ઉજવણી કરી હતી.



**પેથાપુર નગરપાલિકા**

પેથાપુર નગરપાલિકા ખાતે પ્રમુખ રાજેન્દ્રસિંહ એચ. વાઘેલા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રમુખ, સભ્યો, શિક્ષકો, બાળકો અને શહેરીજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.



**સે. ૨૯ વંદેમાતરમ્ પાર્ક-૨ માં ધ્વજવંદન**

સેક્ટર-૨૯ ખાતે વંદે માતરમ્ પાર્ક-૨ ખાતે વસાહતીઓ દ્વારા ૭૩માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.જેમાં અબાલવૃદ્ધ સૌ કોઈએ જોડાઈને રાષ્ટ્રધ્વજને હૃદયપૂર્વક સલામી આપી હતી.



**સે. ૨૭ સ્વસ્તિક સોસાયટીમાં ધ્વજવંદન**

ગાંધીનગરના સેક્ટર-૨૭માં સ્વસ્તિક સોસાયટી ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સ્થાનિક કોર્પોરેટર બરખાબેન જહાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન પુરોહિત, બીકે અંજનાદીદી, ઉમેશભાઈ જહા, મહેશભાઈ પુરોહિત, ગોરધનભાઈ પટેલ, રામનિવાસ શર્મા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમાં સ્થાનિક તેજસ્વી તારલાંઓનું સન્માન કરાયુ હતુ તથા નવા સભ્યોનું અભિવાદન કરાયું હતું. કાર્યક્રમમાં રાજુભાઈ રાજગોળને સોસાયટીના વૃક્ષોની માવજત માટે 'વૃક્ષમિત્ર'નું બિરૂદ આપી સન્માનવામાં આવ્યાં હતા.




શહેરના પૂજન ડાન્સ કલાસીસ અને પૂજન ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં ૫૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું અને ૫૦ વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણના કાર્યક્રમમાં શહેરના મેયર રીટાબેન પટેલ, પ્રજ્ઞાબેન ગજ્જર, ભાવના બેન પાઠક, ભાજપ મહિલા મોરચાની મહિલા કાર્યકરો, સેકટર-૨ ના વસાહતી ભાઈ બહેનો તેમજ પૂજન ડાન્સ કલાસમાં આવતા નાના બાળકો અને તેમના માતાપિતા હાજર રહ્યા હતા. આ પ્રસંગે મેયર રીટાબેન પટેલ દ્વારા વૃક્ષોનું મહત્વ સમજાવીને વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીને જતન કરવા જણાવ્યું હતું.

# ખ-૬ સર્કલ પાસે અકસ્માતમાં સેક્ટર-૨૭ના આધેડનું અવસાન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ખાતે રહેતા રહીશનો ખ-૬ સર્કલ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈજાગ્રસ્ત થયેલા આધેડનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુંહતું. કલોલ ખાતે રહેતા સાળાના ઘરે રક્ષાબંધન હોવાથી દંપતિ જઈ રહ્યું હતું તે સમયે અકસ્માત નડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૭ ગાયત્રીનગર સોસાયટીના મકાન નં.૩૧૯ ખાતે રહેતા ગીરીશભાઈ જયંતિલાલ શર્મા સલુનમાં કામ કરતા હતા. રક્ષાબંધનના દિવસે સવારે સવા અગીયાર વાગ્યાના અરસામાં તેઓ પત્ની સાથે બાઈક પર સાળાના ઘરે કલોલ જવા માટે નીકળ્યા હતા. સાડા અગીયાર વાગ્યાના અરસામા 'ખ-૬ સર્કલેએક કાર ચાલકે બાઈકને ઓવરટેક કરવા જતા ટક્કર વાગી હતી. કારની અડફેટે આવતા પતિ-પત્નિ માર્ગ પર નીચે પટકાયા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામેલા દંપતિને તે જ સમયે પુત્રનો મિત્ર કારમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયો હતો. ગીરીશભાઈને માથાના ભાગે ઈજા પહોંચી હોવાથી તેઓને તાત્કાલીક અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયા રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં તેઓનું મૃત્યું નિપજયું હતું. ઘટનાને પગલે મૃતકના પત્નિ અને ઈજાગ્રસ્ત હર્ષાબેન શર્માની ફરીયાદને પગલે સે-૨૧ પોલીસે અજાણી કારના ચાલક સામે ગુનો નોંધ્યો છે. સે-૨૧ મથકના હે.કો. પ્રશાંત પાટીલ બનાવની વધુ તપાસ કરતા કાર ચાલકને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

# એલસીબીએ ધોળાકુવાના નામચીન બુટલેગરના નિવાસસ્થાનેથી ૩૬૭ બોટલો ઝડપી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર પર આવેલા ધોળાકુવા ગામના નામચીન બુટલેઘર મુકેશ ઠાકોરના નિવાસ સ્થાને એલસીબીએ દરોડો પાડ્યો હતો. પોલીસે આ દરોડામાં નામચીન બુટલેગરના ઘરેથી વિવિધ નાની મોટી ૩૬૭ બોટલો પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડની ટીમને બાતમી મળી હતી કે ધોળાકુવા ગામે મોટા ઠાકોર વાસમાં રહેતો બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોર (ઉં.૩૭) દ્વારા ફરીવાર દારુનો વેપલો શરુ કરી દીધો છે. જેને પગલે એલસીબી પોલીસે બુટલેગર મુકેશના ઘરે રેઈડ કરતા વિદેશી દારુની ૩૬ મોટી બોટલો અને ૩૩૧ નાની બોટલ મળીને કુલ રૂ.૮૦,૬૦૦ નો કિંમતનો દારુ



પકડી પાડયો છે. એલસીબી પોલીસે દારુનો જથ્થા અંગે તપાસ કરતા તેણે જણાવ્યું હતુ કે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા થી આગળ મામેર રાજસ્થાન ખાતેથી મહેન્દ્ર નામનો શખ્સ આ વિદેશી દારુનો જથ્થો આપી ગયો હતો. પોલીસે આરોપી મુકેશ પાસેથી રૂ.૫૦૦ની કિંમતનો એક મોબાઈલ પણ જપ્ત કરીને દારુ આપનાર શખ્સ સામે પણ ઈન્ફોસીટી પોલીસ મથકમાં પ્રોહિ એકટ મુજબ ગુનો દાખલ કર્યો છે.

# શહેરના સ્વાદના શોખીનો માટે ''ખીચડી ઈટીસી''નો પ્રારંભ

**શહેરીજનોને ૫૧ પ્રકારની ખીચડી આરોગવા મળશે**

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં ખાસ કરીને ન્યું ગાંધીનગરમાં ધીમે ધીમે ફુડ ઝોન વધી રહ્યો છે.શહેરમાં દરેક ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે છે. સ્વાદના શોખીનોને હવે અમદાવાદ સુધી લાબા થવું પડતુ નથી દરેક મનભાવન ચીજવસ્તુઓ ગાંધીનગરમાં મળી રહે છે. આમ તો ગુજરાતી સંસ્કૃતિ પ્રમાણે ગુજરાતીઓનો મુખ્ય કહેવાતો ખોરાક એટલે ખીચડી. જે દરેક ઘરે સાંજ ઢળતા જ બનતી હોય છે.ત્યારે શહેરીજનો હવે ખીચડીના અલગ અલગ સ્વાદને માણી શકે તે માટે ગાંધીનગર શહેરના ન્યું કુડાસણ વિસ્તારમાં રાધે આર્કેડ ખાતે ખીચડી ઈટીસીનો પ્રારંભ થઈ ગયો છે. ખીચડી ઈટીસીમાં નગરજનોને વિવિધ ૫૧ પ્રકારની ખીચડી ઉપલબ્ધ છે. ગુજરાતી સ્વાદની ખીચડી સાથે મેકસીકન, ઈટાલીયન, ચાઈનીઝ, થાઈ, જેવી દરેક સ્વાદનો તડકો ઉમેરતી ખીચડી હવે શહેરમાં સ્વાદના શોખીનોને મળી રહેશે.




આ અંગે વધુ માહિતી આપતા રાજેશભાઈ જણાવ્યું હતું કે ખીચડી ઈટીસીનો પ્રારંભ ૧૯ મે ૨૦૧૭ના રોજથી થયો હતો. તે સમયે ૧૯ પ્રકારની મનભાવન અને ચટાકેદાર ખીચડી સ્વાદના શોખીન નાગરીકોને પીરસવામાં આવતી હતી. માત્ર દોઢ વર્ષના ટુંકા ગાળામાં ખીચડી ઈટીસી ગાંધીનગરમાં ૧૧મી બ્રાંચનો શુભારંભ થયો છે. ગાંધીનગરના નાગરીકોને મેકસીકન, થાઈ, મશરુમ, બેક, વેજીટેબલ સહિત ૫૦ થી વધુ પ્રકારની ચટાકેદાર ખીચડી આરોગવા માટે મળશે.

જયારે અમદાવાદમાં પ્રહલાદનગર, વસ્ત્રાપુર, નવરંગપુરા, મણીનગર, ચાંદખેડા ખાતે ખીચડી ઈટીસીની બ્રાંચ છે. તો વડોદરામાં નટુભાઈ સર્કલ પાસે અને સુરતમાં વેસુ, વરાછા, અડાજન અને રીંગરોડ પર પણ ઈટીસીની બ્રાંચ આવેલી છે.ત્યારે ગાંધીનગર શહેરમાં પણ ખીચડી ઈટીસીનો શુભારંભ થતા સ્વાદના શોખીન નગરજનો માટે સ્વાદિષ્ટ અને ચટાકેદાર તેમજ મનભાવન ખીચડી માટે દુર દુર સુધી લાબા થવુ નહી પડે.



**શ્રાવણ પુનમનો માં હરસિધ્ધ માતાજીનું શિવ-રૂપ**

લાડોલ ખાતે આવેલા હરસિધ્ધી માતાજીના મંદિરે શ્રાવણી પુનમના દિવસે ફળોનો અન્નકુટ ધરાવાયો હતો. અન્નકુટમાં ૪૦ થી વધુ ફળોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જયારે સાંજે ૫૧ દિવાની મહાઆરતીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. અન્નકુટના દર્શન માટે ભકતો મોટી સંખ્યામાં લાડોલ ધામે ઉમટી પડ્યા હતા અને દર્શન પ્રસાદનો લાભ લીધો હતો. વિશ્વાસભાઈ જાનીના ૨૫માં જન્મદિન સુધી એટલે કે એક વર્ષ સુધી દર પુનમે હરસિધ્ધી માતાજીને વિવિધ અન્નકુટ ધરાવવામાં આવશે. કમલેશભાઈ રાવલ દ્વારા અન્નકુટની સેવા આપવામાં આવી હતી.

# સિસિકા દ્વારા આયોજિત નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પ યોજાશે

સિનિયર સિટિઝન કાઉન્સિલ તથા ગાંધીનગર વૈષ્ણવ સમાજના સંયુક્ત ઉપક્રમે શેઠ શ્રી સી.એમ. કોલેજ ઓફ ફિઝિયોથેરાપીના સહકારથી નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન તા. ૧૯ ઓગષ્ટથી ૨૩મી ઓગષ્ટ (પાંચ દિવસ) સવારે ૯ થી ૧ દરમ્યાન સેક્ટર-૨૧ સ્થિત 'વૈષ્ણવ હવેલી મંદિર' ખાતે કરવામાં આવ્યું છે. શિબિરમાં સાંધાના દુઃખાવા, ઘૂંટણનો દુઃખાવો, કમરનો દુઃખાવો વિગેરે શારિરીક તકલીફોમાં માર્ગદર્શન તથા સારવાર આપવામાં આવશે. સિનિયર સિટિઝન કાઉન્સિલના સભ્યો તેમજ નગરજનોને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ છે.

# સાદરા ગામેથી જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

ચિલોડા નજીક આવેલા સાદરા ગામે મોબાઈલ ટાવરની પાછળ ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે તીન પતીનો જુગાર રમતા પાંચ શકુનીઓ પોલીસે દબોચી લીધા હતા. પોલીસે શકુનીઓ પાસેથી રૂ.૧૧,૧૬૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પેથાપુર પોલીસે બાતમીને આધારે સાદરા ગામે મોબાઈલ ટાવરની પાસે જુગાર રમતા સંજય નગીન દંતાણી, રોહિત ભરત દંતાણી, આકાશ શંભુ દંતાણી, ગાભાજી અમથાજી ઠાકોર, માનસંગ ગાભાજી ઠાકોરને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન રૂ.૧૧,૧૬૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડૉ. અનિલ પટેલને વિજ્ઞાનક્ષેત્રે ઉત્તમ કામગીરી કરવા બદલ પુરસ્કૃત કરાયા

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લાકક્ષાના સ્વાતંત્રતા દિનની ઉજવણીનો કાર્યક્રમ સ્વામિનારાયણ ગુરૂકુલ કલોલ



ખાતે યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના પ્રભારીમંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લામાં વિવિધ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી હોય તેવી વ્યક્તિ કે સંસ્થાઓને પુરસ્કૃત કરાયા હતા. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ૧૯૯૫થી વિજ્ઞાન અને ટેકનોલોજીનો પ્રચાર અને પ્રસાર કરે છે. સાથે સાથે બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ ખીલે તે હેતુ અનેકવિધ પ્રવૃતિઓ કરે છે. પર્યાવરણની જાળવણી, ઊર્જા બચાવો, વૃક્ષારોપણ, સ્વચ્છતા જેવી કામગીરી બદલ મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે ડૉ. અનિલ પટેલને એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા, ડેપ્યુટી કલેકટર એચ.એમ. જાડેજા, જિલ્લા પોલીસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં લેખન ક્ષેત્રે ગાંધીનગરના સંજય થોરાત તથા વાઈલ્ડ લાઈફ જતન માટે યુવા વન્યજીવ પ્રેમી તિર્થરાજસિંહ જાડેજાનું પણ સન્માન કરાયુ હતુ.

## જીઈબી છાપરા પાસે જુગાર રમતા જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જીઈબી છાપરા વિસ્તારમાં જુગાર રમતા ૬ નાગરીકોને સેક્ટર-૨૧ પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. સર્વેલન્સ સ્કવોડે બાતમીને પગલે લાઈટના અજવાળે જુગાર રમતા રમેશ કરશન ઠાકોર, સુરેશ કરશન ઠાકોર, માવજી સમાભાઈ ઠાકોર, રાજુ ચેમલ ડાભી, કરશન ઉગાભાઈ ઠાકોર, સંકેત દેવાભાઈ ઠાકોર ને પકડી પાડ્યા હતા.પોલીસે જુગારીઓ પાસેથી રૂ. ૧૨,૧૭૦ રોકડા તેમજ બે લાખની ઈકો ગાડી કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહુદ્રામાંથી ચાર જુગારીઓ પકડાયા

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા પાસે આવેલા મહુન્દ્રા ગામે દરબાર વાસમાં જુગાર રમતા ચાર શકુનીઓને ચિલોડા પોલીસે પકડી પાડ્યા છે. ચિલોડા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ કરમણભાઈને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા ખુલ્લામાં જુગાર રમી રહેલા ઉજવલ બાબુશાહ (ઉં.વ.૨૪ માતાવાળોવાસ),જયેદવ હરીસિંહ સોલંકી (ઉં.વ.૩૨ દરબારવાસ), બાલા પ્રભાતજી ઠાકોર (ઉં.વ.૩૦ માતાવાળો વાસ), તેમજ આલમપુર ખાતે રહેતા પ્રવિણ બબુજી ઠાકોર (ઉં.વ. ૩૫)નો સમાવેશ થાય છે. જયારે મહુન્દ્રા ગામનો મૌલિક ભરત રાવલ ભાગી છુટ્યો હતો.